ગાંધીનગર સમાચાર

# અરવલ્લી જિલ્લામાં હોળી-ધુળેટીના પર્વની રંગારંગ ઉજવણી

**મોડાસાના સાકરીયા, માલપુરના અણીયોર, મેઘરજના બાંઠીવાડા ગામે લઠ્ઠમાર હોળી : જિલ્લામાં રંગોના પર્વમાં ભૂલકાઓ સહીત યૌવન હિલોળે ચઢ્યું : જિલ્લામાં ઠેર ઠેર હોલિકાદહન : પ્રજાજનોએ દર્શન કર્યા**



મોડાસા, તા. ૧૧
અરવલ્લી જીલ્લામાં હોળી પર્વની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણીમાં જીલ્લાના પ્રજાજનોએ સોમવારે વિવિધ વિસ્તારોમાં હોલિકાદહન મનાવી હતી. જીલ્લાના નવપરણિત યુગલ, હોળી પહેલા જન્મેલા બાળકો સહીત ભૂલકાઓ, વડીલોએ હોળીના ૫ ફેરાફરી દર્શન કરી શ્રીફળ હોમી, ધાણી, ખજૂરનો પ્રસાદ આરોગી લુપ્ત ઉઠાવ્યો હતો. મંગળવારે રંગોના પર્વ ધુળેટીની રંગારંગ ઉજવણીમાં અબાલ, વૃદ્ધ સહીત મહિલાઓએ ધુળેટીની ઉજવેણીનો અનેરો આનંદ લીધો હતો. જીલ્લાના અનેક વિસ્તારોમાં ધુળેટીના પર્વની નિમિત્તે ઘેરૈયાઓએ વાતાવરણ રંગીન બનાવી દીધું હતું.

ફાગણવદ એકમ હોળીના બીજા દિવસે ધુળેટી પર્વની સમગ્ર જીલ્લાના મંદિરો સહીત પ્રજાજનોએ ધુળેટીના પર્વની ધામધૂમકપૂર્વક ઉજવણી કરી હતી. સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી કાળીયા ઠાકોરના મંદિરમાં ઉત્સવની ઉજવણીમાં ભક્તોએ શામળાજીને મથુરા અને વૃંદાવન બનાવી દીધું હતું.

મેઘરજના બાંઠીવાડા, માલપુર તાલુકાના અણીયોર અને મોડાસા તાલુકાના સાકરીયા ગામે વર્ષોથી અને પેઢીઓથી પરંપરાગત રીતે ચાલી આવતી પ્રથા પ્રમાણે લઠ્ઠમાર હોળીની ઉજવણી કરવામાં આવી હતી. ધુળેટીના દિવસે અણીયોર અને સાકરીયા ગામે આજુબાજુના ગામોના લોકો બપોરે ગામોના લોકો બપોરે ગામના મેદાનમાં એકઠા થઈ રાસગરબાની રમઝટ જમાવી લાકડીઓ અને ખુલ્લી તલવારો, ધારિયા સાથે લઠ્ઠમાર હોળી રમી આનંદોત્સવ મનાવ્યો હતો બંને ગામના લોકો અને યુવાનો ફરજીયાત વતને આવી પહોંચે છે. ઉજવણી પૂર્ણ થતા છાસ અને ચણાનો પ્રસાદી આરોગી ઘરૈયાઓએ ઘર તરફ પ્રયાણ કર્યું હતું.

## વડગામના ડાલવાણામાં ધુળેટી પર્વની અનોખી રીતે ઉજવણી

**ગામના યુવાનો અને વડીલો ઘેર રમી પતિ-પત્ની બને અને લોકોમાં રમૂજમાં ઉભી થાય**

વડગામ, તા. ૧૧
વડગામ તાલુકાના ડાલવાણામાં ધુળેટી પર્વની અનોખી રીતે ઉજવણી કરવામાં આવે છે. બાદ સંધ્યા સમયે આવેલા લોકો વર અને કન્યા પક્ષનાં બે ભાગમાં વહેચાઈ જાય છે. જ્યાં ગામના બે યુવાનો દ્વારા વર અને કન્યાનું ખભે ફાટેલા કપડા મૂકવામાં આવે છે. તો વળી કેટલાકની જાણ બહાર તેની પાસળ કપડાંના પૂછડા બાંધવામાં આવે છે. આ



અને આં પ્રસંગે ગામના યુવાનો અને વડીલો ઘેર રમી પતિ-પત્ની બને અને લોકોમાં રમૂજમાં ઉભી થાય છે.

વડગામ તાલુકાના ડાલવાણા ગામમાં ધુળેટીના દિવસે સાંજે ગામના લોકો એકઠા થાય છે અને ઘેર રમે છે. ત્યાર પાત્ર ભજવવામાં આવે છે. કન્યા બનેલા યુવકને સાડી પહેરાવી માથે ફૂટેલું માટલું મૂકી તેમાં કચરો મૂકવામાં આવે છે અને આ રમુજી કાર્યક્રમ જોવા માટે આવેલા ગામમાં ચાલતી મહેમાનગતીના ઓઢામણા ઓઢાડવાની પ્રથાને રમુજી પ્રસંગમાં ફેરવી લોકોના રીતે રમુજી કાર્યક્રમ બાદ લગ્નગીતો વચ્ચે વર કન્યાના મિલન સમયે ગામ લોકો ધૂળને હવામાં ઉડાવી ધુળેટી ખેલી કાર્યક્રમને સમાપ્ત કરવામાં આવે છે. આં પ્રસંગને જોવા માટે આજુબાજુ ગામના લોકો મોટી સંખ્યામાં હાજર રહે છે.

## ભિલોડા તાલુકાના મઉં ગામે દીકરીનો ડી.જે.ના તાલે ઝુમ્મરની રોશનીએ વરઘોડો કાઢી વિશિષ્ટ રીતે "ઢુંઢ" કરાયો..!

ભિલોડા, તા.૧૧
"દીકરી મને ખૂબ જ વહાલી"ના સૂત્રને ચરિતાર્થ કરતું અનોખું કાર્ય નાનકડા મઉં ગામમાં સમૂહ ભોજન કરાવ્યું હતું. આરોગ્ય ખાતામાં નોકરી કરતા દાદાજી સંજયભાઈ લોકોને દીકરીનું મહત્વ પહેલાથી જ દર્શન માટે ઝુમ્મર દ્વારા રોશની કરી ડી.જે.ના તાલે વરઘોડો કાઢવામાં આવ્યો હતો.

બીજા દિવસે ધુળેટીના રોજ



થયું છે. ભાવિ પ્રશાંત બારોટની વ્હાલસોયી દીકરી "જેનું નામ "શ્રી" છે જે સાચે જ લક્ષ્મી છે ..! સરોજબેન સંજયકુમાર બારોટ પરિવારમાં દીકરી જન્મી છે ત્યારથી જાણે 'સોના નો સૂરજ' ઉગ્યો છે.

દિકરીના વધામણાં, પારણિયું ઉત્સવને 'હોળી'ના ઢૂંઢનો ઉત્સવ ફાગણ સુદ-પાંચમથી પૂનમ સુધી રોજ રાત્રે ઢોલ-ગેરૈયાના તાલે આખો સમાજ નાચ્યો. ને વળી આ નિમિત્તે ગામ આખાને ઘેર ઘેર જઈ ગોળ-ધાણીને "શ્રી"ના હાલરડાવાળી કપડાની થેલીનારૂપે પત્રિકા આપી સમજાવતા હતા, પણ જયારે એમના દીકરાના ઘરે દીકરી અવતરી ત્યારથી દાદા-દાદીએ દીકરીને એટલું તો વ્હાલ કર્યું છે કે સમાજ આખામાં એક દ્રષ્ટાંત ઉભું થયું છે. લોકોએ પણ સૂરમાં સૂર મિલાવી નાના મોટા બધા જ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લઈ "દીકરી સન્માન"ને વેગ આપ્યો હતો. ત્યારે દીકરી જેમને ખૂબ વ્હાલી છે એવા સૌના લાડીલા અને સફળ વડાપ્રધાન નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદી સાહેબનું સ્વપ્ર 'દિકરી વ્હાલનો દરિયો' સાકાર થયું છે. દીકરીનો વિશિષ્ટ રીતે ઢૂંઢ કરી રહેલ આ પરિવાર દ્વારા હોળી સંત શ્યામસુંદર દાસજી ગુરુજીના વરદ હસ્તે દીકરીને સમાજના રીત રિવાજ પ્રમાણે "આંબાનો મૉર" પીવડાવી એક નવો ચીલો ચીતર્યો હતો. આ પ્રસંગે બોલતા સંતે ઋષિપત્ની ગાર્ગીના ઉદાહરણથી દીકરીનું મહત્વ સમજાવ્યું હતું. દીકરીના આ સન્માન બદલ સંજયભાઈ બારોટ પરિવાર તથા દીકરીને આશીર્વાદ અભિનંદન આપ્યા હતા. વિશેષમાં દિકરીના ઢૂંઢ નિમિત્તે જમણ લઈ મઉ ગામના દરેક લોકોએ ઢોલના તાલે ઝુમી દીકરીના આ ભવ્યાતિભવ્ય જેમનો અખૂટ આનંદ લૂંટયો હતો.

## પ્રાંતિજના મજરા ખાતે હોલિકા ઉત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૧
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ખાતે છેલ્લા ૫૦૦ વર્ષથી પ્રાચીન પરંપરા મુજબ ઘરે ઘરે જઈ લાંકડા છાણાં ઉગરાવી હોળીની રાત્રે બે અલગ-અલગ હોળી પ્રગટાવવામાં આવે છે અને વર્ષોથી ચાલી આવતી પરંપરા યંત્ર યુગમાં આજે પણ યથાવત છે.

પ્રાંતિજના મજરા ગામમાં ભૈરવનાથ મંદિરના ચોકમાં બે હોળી પ્રગટાવવામાં આવે છે જેમાં એક હોળીમાં લાકડાં મુકવામાં આવે છે અને બીજી હોળીમાં છાણાં મુકવામાં આવે છે અને લાકડાંના અંગારા પડ્યા હોય તેના પરથી બાળકોથી માંડીને યુવાનો, વુધ્ધો સળગતા અંગારા પરથી ખુલ્લા પગે ચાલે



છે છતાં હજુ સુધી કોઈપણ દાઝયુ હોય તેવો કોઈ બનાવ બન્યો નથી, ત્યારે દાદા ભૈરવનાથના દર્શન તથા મજરાની હોલિકા દહન જોવા માટે શ્રધ્ધાળુઓ પ્રાંતિજ તથા તાલુકા સહિત મહેસાણા, અમદાવાદ, મોડાસા, ગાંધીનગર વગેરે જગ્યાએ જીલ્લાઓમાંથી આવે છે અને પોતાની રાખેલ માનતા બાધા પુર્ણ કરે છે. તો વર્ષોથી અંહી અંગારામાં ચાલવાની પરમપરાં પ્રચલિત થઈ છે તેને ગામજનો ભૈરવનાથની કૃપા માને છે અને હોળીના દિવસે જો કોઈ કુટુંબમાં પુત્ર હોય તો જેમ નિમિત્તે બાળકને પહેલી હોળીના દર્શન કરાવે છે અને નવા પરણેલા દંપતિ હોળીના દર્શન કરી પ્રદક્ષિણા કરે છે. ત્યારે ખેડૂતો અગ્નિની જયોતિમાં પૂળા લઈને પગટાવી તેને ઘાસ પોતાના ઘરે પશુઓને ખવડાવે છે ત્યારે મજરા ખાતે દુરદુરથી લોકો આવીને દાદા ભૈરવના દર્શન કરી હોળીના દર્શન કરી ધાણી ખજૂર શ્રીફળ શેરડી કેરી ચડાવીને પૂંજા કરી ધન્યતા અનુભવે છે.

## પ્રાંતિજ સહિત તાલુકામાં ધુળેટી પર્વની ધામધૂમથી ઉજવણી

પ્રાંતિજ, તા. ૧૧
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં ધુળેટી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી અને વિવિધ રંગોથી લોકો એકબીજાને રંગે રગતા જોવા મલ્યા હતા.



ધુળેટીનો તહેવાર એટલે નાના થી મોટા સૌ કોઈ મનાવતા હોય છે અને એકબીજાની ઉપર કલર ઉડાડીને ધુળેટીની મજા લેતા હોય છે. ત્યારે પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે પણ પોલીસ જવાનો દ્વારા રંગોત્સવની મજા માણી હતી અને એકબીજાને રંગોથી રંગીને પ્રેમનો રંગ લગાવ્યો હતો. એપ્રોચરોડ ઉપર આવેલ માતૃછાયા સોસાયટી ખાતે પણ સોસાયટીના રહીશો દ્વારા ધૂળેટીની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

સોસાયટીના બાળકો યુવાનો દ્વારા સોસાયટીમાં રંગોની હોળી રમ્યા હતા અને એક બીજાને વિવિધ રંગોથી રંગીને પાણીથી ભીજાવ્યા હતા. સોસાયટીની એક્તાનો રંગ પણ અહી જોવા મળ્યો હતો અને દર વર્ષે આવતા દરેક તહેવારોની જેમ ધુળેટીનો તહેવારને પણ હળીમળીને સાથે માણયો હતો. પ્રાંતિજના વિવિધ વિસ્તારો ગુજજરની પોળ, ખોડીયાર કુવા, લાલ દરવાજા, તપોધન ફડી, દેસાઈની પોળ, નાનીભાગોળ સહિતના વિવિધ વિસ્તારોમાં પણ આજના દિવસે લોકો રંગોના રંગે રંગાયા હતા અને ધુળેટી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના ભાઈ-બહેન દ્વારા પાણી બચાવો અભિયાન સાથે ધૂળેટી પર્વને સ્પોર્ટસ ડે મા ફેરવ્યો હતો. ભાઈઓ બહેનો અને બાળકો કિકેટ રમીને હજારો લીટર પાણી બચાવ્યું હતું. હોળી ધુળેટી એટલે રંગોનો તહેવાર અને નાનાથી લઈને મોટેરાઓ સૌ કોઈને રંગો સાથે રમવાની મજા આવે છે અને ગુજરાતભરમાં મોટા ભાગે ધુળેટીની મજા માણે છે તો હજારો લિટર પાણીનો વ્યહ પણ થતો હોય છે ત્યારે પ્રાંતિજ ખાતે એક એવો પણ સમાજ છે કે જેને પોતાના પરિવાર સાથે તથા પડોશી તથા કુટુંબીજનો કે સમાજના લોકો સાથે ધુળેટીનો તહેવાર તો મનાવ્યો પણ પાણી બચાવો અભિયાન સાથે માત્ર તિલક કરી રંગોથી રંગાયા અને ધૂળેટીના તહેવારને સ્પોર્ટસ ડે બનાવી સમાજના કાનન ફાર્મ હાઉસમાં ભાઈઓ અને બહેનોની અને બાળકોની ક્રિકેટની ટીમો બનાવી આજના દિવસે કિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું અને કિકેટ મેચ રમીને પાણી બચાવો અભિયાન સાથે શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના ભાઈ-બહેનો અને બાળકો પણ આ અભિયાનમાં જોડાયા હતા.

## પ્રાંતિજ સહિત તાલુકામાં હોલિકા ઉત્સવ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ હોળી બનાવીને પ્રગટાવવામાં આવે છે તો પ્રાંતિજ સહિત તાલુકામાં પણ હોલિકા ઉત્સવ યોજાયો હતો.



પ્રાંતિજ સહિત તાલુકામાં વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ હોલિકા ઉત્સવ યોજાય છે જેમાં પ્રાંતિજ ખાતે પણ દર વર્ષ ની જેમ આ વર્ષે પણ કડીયાવાસ, ખોડીયાર કુવા, બજાર ચોક, નગરપંચાત પાસે, સોનીવાડા નાકા, દેસાઈની પોળ, ગુજ્જરની પોળ, યોગેશ્વર સોસાયટી સહિત તાલુકા વિવિધ યુવકો મંડળો દ્વારા દર વર્ષની જેમ ઘરે ઘરેથી લાકડાં છાણાં ઉઘરાવીને તૈયાર કરવામાં આવે છે અને ધુળેટીના આગલા દિવસે હોળીના દિવસે રાત્રીના સમયે પ્રગટાવવામાં આવે છે. પ્રાંતિજ સહિત તાલુકામાં પણ વિવિધ સ્થળોએ હોળી તૈયાર કરી પ્રગટાવવામાં આવે છે. નગરપાલિકા ખાતે તો દર વર્ષની જેમ આ વર્ષે પણ ડીજેના તાલે હોલિકા દહન કાર્યક્રમ યોજાયો હતો. હોળીની જવાળાઓથી વર્ષનો એધાણ અને ગરમીનો પ્રારંભ થાય છે. વિવિધ વિસ્તારોમાં નગરજનો દ્વારા જેમની ઉજવણી કરવામાં આવે છે તો હોળીની પૂજા કરી દર્શન કરી ધન્યતા પણ અનુભવી હતી.

## પ્રાંતિજ યોગેશ્વર સોસાયટી ખાતે હોળી-ધુળેટીની ઉજવણી સાથે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૧
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ યોગેશ્વર સોસાયટી ખાતે દરવર્ષની જેમ આ વર્ષે પણ સોસાયટીના રહિશો દ્વારા સવાર સાંજ ભોજન સમારંભ તથા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા પાસે આવેલ યોગેશ્વર સોસાયટી ખાતે હોળી ધુળેટી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ સોસાયટીના રહીશો દ્વારા સવાર સાંજે ભોજન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સોસાયટી ખાતે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં સોસાયટીના વડીલો તથા ઈનામના દાતાઓ દ્વારા સોસાયટીમાં રહેતા નાના મોટા દરેક બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે સોસાયટીના નવા પ્રમુખ તરીકે અમરીશભાઈ સોમાભાઈ પટેલ તથા ઉપપ્રમુખ તરીકે અમિતભાઈ અશોકભાઈ પટેલની સર્વાણુમતે વરણી કરવામાં આવી હતી.

